## પ્રસાર ભારતી
## પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : ૨૨-૦૬-૨૦૧૭ સાંજે : ૭.૧૦ થી ૭.૨૦
વાર : ગુરુવાર

**આકાશવાણી અમદાવાદ, વડોદરા......**
**પ્રાદેશિક સમાચાર જયેશ વેગડા વાંચે છે.**

---

- વસ્તુ અને સેવાકર જીએસટીના અમલીકરણ પ્રક્રિયામાં સહકાર આપવા બદલ તમામ રાજયોના મુખ્યમંત્રીઓનો આભાર વ્યક્ત કરતું કેન્દ્રિય મંત્રીમંડળ.

- શહેરીવિસ્તારના ત્રણ દિવસ માટેના રાજયવ્યાપી શાળા પ્રવેશોત્સવનો આરંભ કરાવતા મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણી.

- સુરત એપીએમસીના એકતાળીસ કરોડ રૂપિયાના ખર્ચે નિર્મિત ફૂડ પ્રોસેસિંગ પ્લાન્ટ બાયો વેસ્ટ ટુ બાયો એનર્જી પ્લાન્ટનું લોકાર્પણ કરતા મુખ્યમંત્રી.

- રાજયમાં વિવિધ વિસ્તારોમાં થયેલો હળવોથી મધ્યમ વરસાદ.

---

(ન્યુઝ બ્રેક- આ પ્રાદેશિક સમાચાર આપ આકાશવાણી અમદાવાદ-વડોદરા પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે- આકાશવાણી- અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

કેન્દ્રિય મંત્રીમંડળે વસ્તુ અને સેવાકર જીએસટીના અમલીકરણ પ્રક્રિયામાં સહકાર આપવા બદલ બધા રાજયોના મુખ્યમંત્રીઓ અને અન્યોનો આભાર માન્યો છે.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના અધ્યક્ષપદે મળેલી મંત્રીમંડળની બેઠકમાં આ અંગેના ઠરાવને બહાલી આપવામાં આવી છે.

ઠરાવમાં જણાવ્યું છે કે, સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં જીએસટી સૌથી મોટો વેરા સુધારો છે. તેમજ વિશ્વભરના સમવાયતંત્રોમાં અપ્રત્યક્ષ કરવેરામાં પણ મોટો સુધારો ગણાવી શકાય.

આ સુધારાના કારણે અદના નાગરિક પરનું વેરાનું ભારણ ઘટશે તથા વેપાર ઉદ્યોગ કરવામાં સરળતા રહેશે.

ઠરાવ જણાવે છે કે, કેન્દ્ર સરકાર, બધી જ રાજય સરકારો તથા રાજકીયપક્ષોના સઘન સહકારથી જીએસટી વેરાનો અમલ શક્ય બની રહ્યો છે.

.................

કેન્દ્ર સરકારે જણાવ્યું છે કે, એકસાઈઝ, વેટ અને સેવાકર ચૂકવતા લોકો માટે જીએસટી વેરાની નોંધણી માટે નવી વિન્ડો ૨૫મી જૂને કાર્યરત થશે.

મહેસૂલ સચિવશ્રી હસમુખ અઢિયાએ જણાવ્યું છે કે, વેપાર જીએસટી એન વેબસાઈટ પર નોંધણી કરાવી શકશે.

આ અગાઉ નોંધણીના બે રાઉન્ડ પૂર્ણ થયા છે.

તેમણે કહ્યું કે, વેપાર ઉદ્યોગ જગતના ૮૦ લાખ પૈકી લગભગ ૮૦ ટકા લોકો જીએસટી નેટવર્ક સાથે જોડાયા છે.

આગામી ૧લી જુલાઈથી વસ્તુ અને સેવાકર જીએસટી અમલમાં આવશે.

.................

રાજયની અઢી હજાર શાળાઓમાં સ્માર્ટ – ડીજીટલ વર્ગખંડનો કાર્યક્રમ અમલમાં છે. અને આગામી સમયમાં રાજયની બધી જ શાળાઓમાં તબક્કાવાર તેનો અમલ કરાશે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સુરત મહાનગરપાલીકા સંચાલિત તાડવાડી પ્રાથમિક શાળામાં શહેરી વિસ્તારના ૩ દિવસ માટેના શાળા પ્રવેશોત્સવનો આરંભ કરાવતા આ મુજબ જણાવ્યું હતું.

તેમણે બાળકોમાં સારા સંસ્કાર અને શિક્ષણ આપી દિક્ષિત સમાજના નિર્માણમાં નોંધપાત્ર ભૂમિકા ભજવવા શિક્ષકોને અનુરોધ કર્યો હતો.

મુખ્યમંત્રીએ છેવાડાના માનવી સુધી જ્ઞાનનો પ્રકાશ પહોંચે તે માટે સહિયારો પ્રયાસ કરવા નાગરિકોને અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે તાડવાડી શાળામાં બાળકોને પ્રવેશ કરાવી મુખ્યમંત્રીના હસ્તે તેમને શૈક્ષણિક કીટ, રમકડા વગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતું.

જયારે શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સુરતના પલસાણા તાલુકાની કડોદરા પ્રાથમીક શાળામાં ૪૪ જેટલા વિદ્યાર્થીઓને ધોરણ એકમાં પ્રવેશ કરાવ્યો હતો.

શ્રી ચુડાસમાએ જણાવ્યું કે, રાજય સરકારના આ રાજયવ્યાપી કાર્યક્રમના લીધે આજે શાળાઓમાં ૯૯ ટકા નામાંકન શક્ય બન્યું છે. તેમજ શાળાનું શિક્ષણ અધવચ્ચે છોડવાનું પ્રમાણ એક ટકાથીયે ઓછું થયું છે.

દરમ્યાન, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ભરૂચ દ્વારા આજે ભરૂચ ખાતે ભૂલકાઓને કુમકુમ તિલક અને કીટ વિતરણ કરી શાળાપ્રવેશ કરાવ્યો હતો.

દરમ્યાન સુરેન્દ્રનગર જીલ્લાના પ્રતિનિધિના જણાવ્યા મુજબ જીલ્લાના ચોટીલા ખાતેની પ્રાથમિક શાળા નંબર બે ખાતે સંસદીય સચિવશ્રી શામજીભાઈ ચૌહાણે ત્રેતાલીસ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ આપી શાળા પ્રવેશ કરાવ્યો હતો. તેમાં ૨૩ કુમાર અને ૨૦ કન્યાઓનો સમાવેશ થાય છે.

જયારે ધ્રાંગધ્રા પ્રાથમીક શાળા ખાતે ગુજરાત પચાસ મુદ્દા અમલીકરણ સમિતિના કાર્યવાહક અધ્યક્ષશ્રી આઈ.કે.જાડેજાએ ૧૦ કુમાર અને ૭ કન્યા એમ કુલ સોળ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ આપી શાળા પ્રવેશ કરાવ્યો હતો.

જામનગર જિલ્લાના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, જામનગરથી શાળાનંબર એકવીસ ખાતે આયોગ્ય સચિવ જયંતિ રવિએ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ આપી શાળા પ્રવેશ કરાવ્યો હતો.

.................

લોકસભાના પૂર્વ અધ્યક્ષા મીરાકુમાર આગામી રાષ્ટ્રપતિ પદની ચૂંટણી માટે વિપક્ષના ઉમેદવાર હશે.

નવી દિલ્હી ખાતે આજે સાંજે મળેલી વિપક્ષોની બેઠક દરમ્યાન આ નિર્ણય લેવામાં આવ્યો.

કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીએ બોલાવેલી આ બેઠકમાં ભૂતપૂર્વ પ્રધાનમંત્રી મનમોહનસિંહ, સીપીઆઇ-એમના નેતા સિતારામ યેચૂરી, રાષ્ટ્રવાદી કોંગ્રેસના શરદ પવાર, સમાજવાદીપાર્ટીના નેતા રામગોપાલ યાદવ, બહુજન સમાજવાદી પાર્ટીના નેતા સતિષ ચંદ્રમિશ્રા, ડીએમકેના કનીમોઝી ઉપરાંતના અન્ય નેતાઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. દરમિયાન રાષ્ટ્રપતિપદના ઉમેદવાર રામનાથ કોવિન્દ આવતીકાલે સવારે સાડા અગિયાર વાગે ઉમેદવારીપત્ર ભરશે. ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રી, એનડીએના વરિષ્ઠ નેતાઓ આ પ્રસંગે ઉપસ્થિત રહેશે.

..................

રાજ્યમાં વેલ્યુ એડીશન અને આધુનિક કૃષિ પદ્ધતિથી પાંચ વર્ષમાં ખેડૂતોની આવક બમણી કરવી છે.

સુરત એપીએમસીના એકતાળીસ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ ફૂડ પ્રોસેસિંગ પ્લાન્ટ બાયો વેસ્ટ ટુ બાયો એનર્જી પ્લાન્ટનું લોકાર્પણ કરતા મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણીએ આ મુજબ જણાવ્યું હતું.

શ્રી રૂપાણીએ વધુમાં ઉમેર્યું હતું કે, રાજયમાં આ વિશાળ બાયો સીએનજી પ્લાન્ટને પરિણામે દક્ષિણગુજરાત અને સુરતની ખેડૂત શકિતની ક્ષમતા સામર્થય અને વેસ્ટમાંથી બેસ્ટની સર્જનશકિતના દર્શન દેશને થયા છે. એપીએમસીના વહીવટમાં પારદર્શીતા લાવી ફળફળાદિ શાકભાજીને નિયંત્રીત જણસની યાદીમાંથી બહાર લાવવાથી ખેડૂતને યોગ્ય ભાવ મળી રહે છે.

શ્રી રૂપાણીએ કહ્યું કે, ખેડૂતોને એક ટકા વ્યાજ સહાય સબસીડીથી લોન કોલ્ડસ્ટોરેજ પર સબસીડી, ખેતરમાં પશુઓના ત્રાસ અટકાવવા સાતસો કરોડ રૂપિયાના ખર્ચે કાંટાળી વાડ બનાવવાનું ખેડૂત ઉપયોગી હિતકારી પગલું રાજય સરકારે ભર્યું છે.

આ પ્રસંગે મહેસૂલમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ એપીએમસીએ કરેલી પહેલને બિરદાવતા જણાવ્યું કે, રાજય સરકારે કૃષિમહોત્સવ શરૂ કરીને ખેડૂતોને વૈશ્વિક હરિફાઈમાં લાવી દીધા છે. અને ખેડૂતો પગભર બની રહ્યા છે.

..................

માહીતી અને પ્રસારણ મંત્રાલયના પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો અમદાવાદ દ્વારા આજે સિલ્વાસા ખાતે સિલ્વાસાના પત્રકારો માટે વાર્તાલાપ – રૂરલ મીડીયા વર્કશોપ યોજાઈ ગયો.

આ વર્કશોપનું ઉદઘાટન કરવા સિલ્વાસાના નિવાસી નાયબ કલેકટરશ્રી શીવમ તિયોતીયાએ જણાવ્યું હતું કે, પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક કે સોશિયલ મીડીયીના પત્રકારત્વમાં પરિપકવતા હોવી જોઈએ. તેમણે પત્રકારોને સમાચારમાં સાતયત્તા અને હકીકતલક્ષી માહીતી પ્રસ્તુત કરવા પર ભાર મૂક્યો હતો.

શ્રી તિતોતીયાએ વધુમાં ઉમેર્યુ હતું કે, ગ્રામિણ વિસ્તારના પત્રકારો શહેરી વિસ્તારના પત્રકારો સાથે કદમ મિલાવતાં સમાચારોનું સાતત્ય જાળવી રાખે છે. ત્યારે આવા વર્કશોપ દ્વારા ગ્રામિણ વિસ્તારના પત્રકારોનો ખરા અર્થમાં વિકાસ થાય છે.

.................

સુરેન્દ્રનગર જીલ્લા રોજગાર કચેરી દ્વારા સુરેન્દ્રનગરની મહીલા આઈટીઆઈ ખાતે મેગા જોબ ફેર ૨૦૧૭નું આયોજન કરવામાં આવ્યું હતું.

સુરેન્દ્રનગર જીલ્લાના પ્રતિનિધિના જણાવ્યા પ્રમાણે આ જોબફેરમાં અંજાર, અમદાવાદ, વઢવાણ, મહેસાણા, રાણપુર વિસ્તારના ચૌદ જેટલા ખાનગી એકમોમાં ધોરણ દસ અને આઈટીઆઈની શૈક્ષણિક લાયકાત ધરાવતી મહિલા ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવી હતી.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રીમતી વર્ષાબિન દોશીએ જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં ભારત યુવાઓનો દેશ છે. યુવાવર્ગમાં શકિત અને કાર્યક્ષમતા રહેલી છે પરંતુ તેમને યોગ્ય સુવિધા, માર્ગદર્શન અને દિશા સૂચનની જરૂર હોય છે.

.................

રાજ્યમાં ઘણા સમય બાદ મધ્ય ગુજરાતના ઘણાં વિસ્તારમાં હળવોથી મધ્યમ વરસાદ છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયો છે.

સૌથી વધુ ૪૦ મીલીમીટર વરસાદ છોટાઉદેપુરના સંખેડા તાલુકામાં અને ભરૂચના અંકલેશ્વરમાં નોંધાયો હતો.

ડભોઈ અને પંચમહાલના જાંબુઘોડા તાલુકામાં ૩૦ મીલીમીટર, બોડેલી, ખેરગામ અન સેલવાસમાં ૨૦ જયારે ભરૂચ, ઝઘડીયા, કપરાડા, જેતપુર પાવી, સાગબારા અને ઝાલોદ તાલુકાઓમાં ૧૦ મીલીમીટર વરસાદ થયાના અહેવાલ છે.

દરમ્યાન વલસાડ જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે, વલસાડ જિલ્લામાં પણ કેટલાક વિસ્તારોમાં છુટોછવાયો વરસાદ નોંધાયો છે જેમાં વલસાડ તાલુકામાં ચાર મીલીમીટર, પારડીમાં પાંચ અને વાપીમાં એક મીલીમીટર વરસાદ નોંધાયો છે.

જયારે ડાંગ જિલ્લા પ્રતિનિધિ જણાવે છે કે, આજે દિવસભર ડાંગ જિલ્લામાં વાતાવરણ વાદળછાયું રહ્યું હતું અને છુટોછવાયો વરસાદ થવા પામ્યો હતો.

ભાવનગર જિલ્લા પ્રતિનિધિ જણાવે છે કે, ભાવનગર શહેરમાં પણ વીસ મીલીમીટર જેટલો વરસાદ થયો છે. જયારે સિહોરમાં ચાર મીલીમીટર વરસાદ નોંધાયો છે.

મહદંશે વાદળછાયા વાતાવરણના લીધે અમદાવાદને બાદ કરતાં રાજયમાં બાકીના સ્થળોએ  મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી કે તેથી ઓછું નોંધાયું હતું.

.................